# વાવના શણવાલ ગામે થયેલ હત્યા મામલે મૌન રેલી યોજાઈ

## બારોટ સમાજ સહિત અન્ય જાતિના લોકોએ આવેદનપત્ર આપ્યું

ધાનેરા, તા. ૧૪

બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકા ના શણવાલ ગામે થયેલ હત્યા બાબતે આજે ધાનેરા શહેરમાં બારોટ સમાજ સહિત અન્ય જાતીના લોકોએ ભેગા મળી હત્યારાઓને ઝડપી પકડી પાડવા માટે મૌન રેલી કાઢી ધાનેરા મામલતદારને આવેદન પાત્ર આપ્યું હતું.

બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના શણવાલ ગામે રહેતા વર્ધાજી લાધાજી બારોટની કેટલાક ઈસમો દ્વારા હત્યા કરી નાખતા સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં આઘાતની લાગણી જોવા મળી રહી છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ખાતે બારોટ સમાજ સહિત અન્ય સમાજના લોકોએ ભેગા મળી મૌન રેલી કાઢી ધાનેરા મામલતદારને આવેદનપત્ર આપી હત્યારાઓને ઝડપી પકડી પાડવા માટેની અપીલ કરી હતી તો બીજી તરફ આગેવાનો દ્વારા આક્ષેપ કરતા જણાવ્યું હતું કે આ હત્યામાં કોઈ મોટા માથા હોવાની શંકા સેવાઈ રહી છે માટે આજ દિવસ સુધી પોલીસ હત્યારાઓને પકડવામાં નિષ્ફળ નીવડી છે.

આ મૌન રેલીમાં બારોટ સમાજ સહિત અન્ય સમાજોને સાથે ધાનેરાના વેપારીઓ પણ જોડાયા હતા અને આ બનાવને શખત શબ્દોમાં વખોડી કાઢ્યો હતો.

# ઉનાવા ગામે ફરી મુસ્લિમોના બે જૂથ વચ્ચે પથ્થરમારો

ઊંઝા, તા. ૧૪

ઊંઝા નજીકના ઉનાવા ગામે છેલ્લા કેટલાક સમયથી મુસ્લિમોના બે જૂથો વચ્ચે ચાલતી તકરારમાં બે જૂથો વચ્ચે સમાધાન ન થતાં અવારનવાર છમકલાં થઈ રહ્યાં છે.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ ગઈકાલે સાંજે ઉનાવા ખાતે દરગાહ વિસ્તારમાં કેબીન ધરાવતા એક વ્યક્તિ દુકાન ખોલવા માટે ગયા હતા ત્યારે સામાવાળા જૂથની કેટલીક મહિલાઓએ વિરોધ કરીને પથ્થરમારો કર્યોહતો. જેથી મામલો તંગ બનતાં આ વિસ્તારમાં નાસભાગ સાથે ભયનું વાતાવરણ સર્જાયુંહતું. આ બનાવને પગલે પોલીસે દરગાહ વિસ્તારમાં શાંતિથી ધંધો રોજગાર કરતા દુકાનદારોની દુકાનો બંધ કરાવી દીધી હતી.

ફોટો ટૉક.... ■ હિરેન ભટ્ટ



ગાંધીનગર - તમામ પ્રકારની જીવન જરૂરિયાતને પૂર્ણતઃ પોષતું આ હાઈ-ફાઈ અને વાઈ-ફાઈ સિટી અહીંના રહેવાસીઓ માટે તો ખરેખર 'ગિફ્ટ'સિટી જ છે...! માણસો કરતાં અહીં ઝાડ ઘણાં છે... પ્રભુના અહીં પાડ ઘણાં છે..!!! ગાંધીનગરના એકમાત્ર સેક્ટર-૧૧ માં આઠ-નવ માળ ઊંચી ઈમારતો છે, અને આ ઈમારતોને ઓઠે ખુલ્લા ખેતરો છે... બે દિવસથી વાતાવરણ વરસાદી થતાં ખેડૂતે વાવણી શરૂ કરી છે... ખેતર ખેડાતું હોય અને બેકગ્રાઉન્ડમાં હાઈરાઈઝ્ડ બિલ્ડિંગ્સ હોય; ફોટોશોપ્ડ લાગે એવી આ તસવીર તો વાસ્તવિક છે જ, ગાંધીનગરની વાસ્તવિક તાસીર પણ આ જ છે..! આ નગરની સંસ્કૃતિ ભલે શહેરી હોય, પરંતુ પ્રકૃતિ ગામઠી છે..!!! આ જ તો આ નગરની મજા છે...



સાબરકાંઠા જિલ્લા સહિત તાલુકાઓમાં લાંબી રાહ જોવડાવ્યા બાદ ધીમીધારે મેઘરાજાએ છેલ્લા ત્રણ દિવસથી પધરામણી કરતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને ચોમાસું પાક તરીકે મુખ્યત્વે સાબરકાંઠા સહિત પ્રાંતિજ તાલુકામાં ડાંગરની રોપણીનું કામ શરૂ થઈ ગયું છે તે આ તસવીર ઉપરથી જોઈ શકાય છે.

# મોડાસા કોલેજમાં ઈસરોનું ત્રિ-દિવસીય પ્રદર્શનનો પ્રારંભ

મોડાસા,તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ દ્વારા (અમદાવાદ) ઈસરો દ્વારા વિક્રમ સારાભાઈ અંતરીક્ષ પ્રદર્શનનો ત્રિદિવસીય કાર્યક્રમનો બુધવારે પ્રારંભ કરવામાં આવ્યો હતો. મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળના પ્રમુખ નવીનચંદ્ર મોદી, ઈસરોના વૈજ્ઞાનિક હિમાંશુ પંડ્યા, સુરેન્દ્રભાઈ શાહ, અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી વિશાલ ગુપ્તા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અર્જુનસીંહ ઝાલા ઉપસ્થિત રહ્યા હતા. ઈશરોના વૈજ્ઞાનિકો દ્વારા ત્રિદિવસીય અંતરીક્ષ પ્રદર્શનમાં સેટેલાઈટ અંગે માર્ગદર્શન તેમજ વિદ્યાર્થીઓ સાથે ખગોળીય વાર્તાલાપ કરવામાં આવશે. આ ત્રિદિવસીય પ્રદર્શનમાં સેટેલાઈટના વિવિધ મોડેલ મુકીને સ્પેશ સાયન્સ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવશે. મોડાસાની કોલેજ કેમ્પસમાં યોજાયેલ વિક્રમ સારાભાઈ અંતરીક્ષ પ્રદર્શનમાં જિલ્લાના તાલુકાઓમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ પ્રાથમિક માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો ખૂબ જ મોટી સંખ્યામાં ઉમટી પડવાની શક્યતાઓ રહેલી છે. જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં યોજાયેલા અંતરીક્ષ પ્રદર્શનથી શહેરના નાગરીકો ગૌરવ અનુભવતા નજરે ચડતા હતા. મ.લા. ગાંધી કેળવણી મંડળ દ્વારા ભામાશા હોલમાં સેટેલાઈટ સ્ટેશન ઉભુ કરવામાં આવ્યુ હોય તેવો વિદ્યાર્થીઓ અને પ્રદર્શન નિહાળનાર વ્યક્તિઓ અહેસાસ અનુભવતા હતા.



કોલેજ કેમ્પસના કોમ્યુનીટી સાયન્સ સેન્ટરની ઉજવણીના ઉપક્રમે ઈસરો દ્વારા વિક્રમ સારાભાઈ અંતરિક્ષ પ્રદર્શનનો ત્રીદિવસીય પ્રદર્શનનો બુધવારના રોજ પ્રારંભ થયો હતો. ત્રીદિવસીય અંતરીક્ષ પ્રદર્શનમાં ઈસરોના વૈજ્ઞાનિકો વિશેષ હાજરી આપી વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ યોજાશે.





મોડાસા શહેરમાં મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ દ્વારા ધનસુરા રોડ પર શૈક્ષણિક સંકુલ દ્વારા જિલ્લાના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે શૈક્ષણિક સેવાઓ આપવા માટે ઉત્તર ગુજરાતમાં ખૂબ જ જાણીતુ છે. મોડાસા કોલેજ કેમ્પસમાં આવેલા કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના ઉજવણીના ઉપક્રમે જિલ્લાના વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન પ્રેમીઓની લાગણીને ધ્યાને લઈ એસએસી

# ધાનેરા રેલવે સ્ટેશન પાસે વધુ એક યુવકે કરી આત્મહત્યા

ધાનેરા, તા. ૧૪

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી રેલવે નીચે આત્મહત્યા કરવાનો શીળસ જીલો યથાવત જોવા મળી રહ્યો છે ત્યારે આજે વધુ એક ૩૦ વર્ષીય યુવકે રેલને નીચે પડતું મૂકી આત્મહત્યા કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ભીલડીથી જોધપુર જતી પેસેન્જર ટ્રેન નીચે ધાનેરા રેલવે સ્ટેશન પાસે એક યુવકે પડતું મૂકી આત્મહત્યા કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે ત્યારે સમગ્ર ઘટનાની જાણ ધાનેરા પોલીસને કરતા ધાનેરા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળ પર આવી કાર્યવાહી હાથ ધરી હતી.

# ટિંટારણ નજીકથી બાઈક પર લઈ જવાતો વિદેશી દારૂ ઝડપાયો

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના સરસવ ગામેથી થયેલી અરજી બાબતે તપાસમાં ગયેલી પોલીસ ટીમે ટિંટારણ ગામની સીમમાંથી બુધવારે સાંજે પસાર થતી રાજસ્થાન પાસિંગની બાઈક પર સવાર ઈસમોને અટકાવતા બાઈક સવારો બાઈક મૂકી નાસી છૂટ્યા હતા. જે બાઈક પરથી પોલીસે ૨૪ નંગ બેગપાઈપર વિદેશી બ્રાન્ડની બોટલ મળી આવી હતી. જેમાં પોલીસે રૂા. ૯૬૦૦નો દારૂ અને રૂા.૧૫૦૦૦ ની બાઈક મળી રૂા.૨૪૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ કાર્યવાહી હાથ ધરી છે.

વિજયનગર પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વિજયનગર તાલુકાના સરસવ ગામેથી થયેલી અરજી બાબતે બુધવારે સાંજે પોલીસ સબ ઈન્સ્પેકટર એ.બી. ઠાકોરની સુચનાથી તપાસમાં ગયેલી પોલીસ ટીમે ટિંટારણ ગામની સીમમાંથી બુધવારે સાંજે પસાર થતી રાજસ્થાન પાસિંગની આર.જે.૨૭.એસઈ. ૪૬૦૬ નંબરની બાઈક પર સવાર ઈસમોને અટકાવતા બાઈક સવારો બાઈક મૂકી નાસી છૂટ્યા હતા. જે બાઈક પરથી પોલીસે ૨૪ નંગ બેગપાઈપર વિદેશી બ્રાન્ડની બોટલ મળી આવી હતી. જેમાં પોલીસે રૂા. ૯૬૦૦ નો દારૂ અને રૂા.૧૫૦૦૦ની બાઈક મળી રૂા.૨૪૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બાઈક સવાર ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી પોલીસ કાર્યવાહી હાથ ધરી છે.

# ઈક્વિટી શેર દીઠ રૂ. ૮૮૦ થી રૂ. ૮૯૬ સુધીનો પ્રાઈસ બેન્ડ નિર્ધારિત કરાયો

## એડવાન્સ્ડ એન્ઝાઈમ ટેક્નોલોજિઝ લિમિટેડની ઓફર ૨૦ જુલાઈ, ૨૦૧૬ના રોજ ખુલશે અને ૨૨ જુલાઈ, ૨૦૧૬ના રોજ બંધ થશે

એડવાન્સ્ડ એન્ઝાઈમ ટેક્નોલોજિઝ લિમિટેડે (''કંપની'' અથવા ''ઈશ્યૂઅર'') પોતાના રૂ. ૧૦ની મૂફકિંમત (''ઈક્વિટી શેર'') ધરાવતા અને ઈક્વિટી શેર દીઠ રૂ. ૮૮૦ થી રૂ. ૮૯૬ સુધીનો પ્રાઈસ બેન્ડ ધરાવતા ઈક્વિટી શેરના પબ્લિક ઈશ્યૂનો ૨૦ જુલાઈ, ૨૦૧૬ના રોજ પ્રારંભ કરવાની દરખાસ્ત કરી છે. આ ઈશ્યૂમાં રૂ. ૫૦૦ મિલિયન (''ફ્રેશ ઈશ્યૂ'') સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ તથા ચંદ્રકાંત રાઠી ઈનોવેશન્સ દ્વારા ૪,૦૦,૦૦૦ ઈક્વિટી શેર, કિશોર લક્ષ્મીનારાયણ રાઠી દ્વારા ૫૦,૦૦૦ ઈક્વિટી શેર, મંગલ મધુસુદન કાબ્રા દ્વારા ૩૦,૦૦૦ ઈક્વિટી શેર, વસંત લક્ષ્મીનારાયણ રાઠી દ્વારા ૧૭,૦૦,૦૦૦ ઈક્વિટી શેર, વસંત અને પ્રભા રાઠી જનરેશન ટ્રસ્ટ (સંયુક્તપણે ''પ્રમોટર ગ્રૂપ સેલિંગ શેરહોલ્ડર્સ'') દ્વારા ૫,૦૦,૦૦૦ ઈક્વિટી શેર, કોટક એમ્પ્લોયીઝ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ દ્વારા ૧૭,૯૦૦ ઈક્વિટી શેર, કોટક ઈન્ડિયા વેન્ચર ફંડ-૧ દ્વારા ૧,૬૨,૭૦૦ ઈક્વિટી શેર અને કોટક ઈન્ડિયા વેન્ચર (ઓફશોર) ફંડ (સંયુક્તપણે ''ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર્સ'') દ્વારા ૩,૩૬,૬૦૦ ઈક્વિટી શેર, મુંબઈ સ્થિત મહારાષ્ટ્રના રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ (''આરઓસી'') સમક્ષ ૧૧ જુલાઈ, ૨૦૧૬ના રોજ દાખલ કરાયેલા રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (''આરએચપી'')ના એનેક્સર 'એ'માં વર્ણવેલ વ્યક્તિઓ (સંયુક્તપણે ''અધર સેલિંગ શેરહોલ્ડર્સ-૧'') દ્વારા ૪,૪૭,૨૭૦ ઈક્વિટી શેર, મુકુંદ મધુસુદન કાબ્રા દ્વારા ૪૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર, પ્રદીપ ભાઈલાલ શાહ (સંયુક્તપણે ''અધર સેલિંગ શેરહોલ્ડર્સ-૨'') દ્વારા ૩,૫૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (''ઓફર ફોર સેલ'') તથા ફ્રેશ ઈશ્યૂ (''ઓફર'')નો સમાવેશ થાય છે.

આ ઓફરમાં ઓફર પછીની ભરપાઈ થયેલી ઈક્વિટી શેર મૂડી (''એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન'')ના પાંચ ટકા કરતા વધુ નહીં તેટલા પ્રમાણમાં પાત્રતા ધરાવતા કર્મચારીઓ (આરએચપીમાં સ્પષ્ટ કરાયા મુજબ) દ્વારા સબસ્ક્રિપ્શન માટે રૂ. ૨૦ મિલિયન સુધીની રકમનું પ્રતિનિધિત્વ કરતા ઈક્વિટી શેરનું રિઝર્વેશન તથા જાહેર જનતા માટે ઈક્વિટી શેરની નેટ ઓફર (''નેટ ઓફર'')નો સમાવેશ થાય છે. પાત્રતા ધરાવતા તમામ કર્મચારીને ઓફર પ્રાઈઝ પર ઈક્વિટી શેરદીઠ રૂ. ૮૬નું ડિસ્કાઉન્ટ મળવાપાત્ર છે.

આ ઓફર જુલાઈ ૨૨, ૨૦૧૬ના રોજ બંધ થશે. મિનીમમ બિડ લોટ ૧૬ ઈક્વિટી શેરનો છે અને ત્યાર બાદ ૧૬ ઈક્વિટી શેરનો ગુણાંક રહેશે. કંપની અને તેના વેચાણકર્તા શેરધારકો અને બીઆરએલએમના પરામર્શ સાથે એન્કર રોકાણકારોની સહભાગિતા અંગે વિચારણા કરી શકે છે. એન્કર રોકાણકારો બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ એટલે કે એન્કર ઈન્વેસ્ટર બિડિંગ ડેટના રોજ બિડ કરી શકશે.

### ૮ ઈંચ વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તાલુકામાં ૯૪ મીમી, જૂનાગઢ જિલ્લાના માળીયામાં ૮૯ મીમી અને માંગરોળમાં ૯૫ મીમી મળી કુલ ચાર તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે સવારે ૭.૦૦ કલાકે પુરા થયેલા ચોવી કલાક દરમિયાન મેઘરજ તાલુકામાં ૬૪ મીમી, કેશોદ, મેંદરડામાં ૫૨ મીમી અને તલાલામાં ૪૦ મીમી મળી કુલ ચાર તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ સાંપડ્યા છે. આ ઉપરાંત રાજ્યના ચાણસ્મા, હારીજ, પોશીના, માલપુર, મોડાસા, કલોલ, દસક્રોઈ, માતર, વસો, ગોધરા, ખાનપુર, ટંકારા, ધ્રોલ, દ્વારકા, રાણાવાવ, જૂનાગઢ, જૂનાગઢ શહેર, કોડીનાર, સુત્રાપાડા, વેરાવળ, ઉમરપાડા, ખેરગામ, વાપી અને વઘઈ મળી કુલ ૨૪ તાલુકાઓમાં એક ઈંચથી વધુ જ્યારે અન્ય ૨૮ તાલુકાઓમાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચાલુ મોસમનો રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૨૦.૦૬ ટકા જેટલો નોંધાયો છે જેમાં કચ્છ રીજીયનમાં ૫.૩૮ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૯.૮૬ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૭.૮૩ ટકા, સૌરાષ્ટ્રમાં ૨૦.૫૬ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૨૦.૭૭ ટકા જેટલો સરેરાશ વરસાદ વરસ્યો છે. દરમિયાન, ગુજરાતના વિવિધ ભાગોમાં આગામી પાંચ દિવસ દરમિયાન મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

### ફુગાવામાં વધારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૪.૦૯ ટકા હતો. ફેબ્રુઆરીમાં ૩.૯૧ ટકા હતો. જાન્યુઆરીમાં ૬.૪૬ ટકા નોંધાયો હતો. શાકભાજીની કિંમતમાં આ દિવસોમાં નોધપાત્ર વધારો થયો છે. ફુગાવો જૂન મહિનામાં ૧૬.૯૧ ટકા થયો છે જે મે મહિનામાં ૧૨.૯૪ ટકા હતો. એપ્રિલ મહિનામાં શાકભાજીની કિંમતમાં વધારો દર માત્ર ૨.૯૦ ટકા હતો. શાકભાજીની કિંમતોમાં બટાકાની કિંમતમાં જૂન મહિનામાં ૬૪.૪૮ ટકા સુધીનો વધારો નોંધાયો છે. અગાઉના મહિનામાં તેમા આંકડો વધારે હતો. બીજી બાજુ ફળફળાદીમાં પણ તેજીનો દોર રહ્યો છે. ફળ ફળાદીમાં ફુગાવો ૩.૮ ટકાથી વધીને ૫.૯૭ ટકા થયો છે. વર્તમાન કેલેન્ડર વર્ષના પ્રથમ ચાર મહિનામાં કિંમતો વધારો થયા બાદ હવે ઘટાડો થયો છે. ઘઉંમાં ભાવ ઈન્ડેક્ષ ૩.૮૫ ટકાથી વધીને ૬.૮૩ ટકા થયો છે. પેટ્રોલની કિંમતમાં ઘટાડો નોંધાયો છે. જ્યારે ડિઝલની કિંમતમાં વધારો થયો છે. પ્રોસીસ્ડ ફુડ કિંમતોમાં વધારો જોવા મળી રહ્યો છે.

### શીલા દિક્ષીત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસનું નેતૃત્વ કરશે. શીલા દિક્ષિતની પસંદગી કેમ કરવામાં આવી છે તે અંગે પૂછવામાં આવતા આઝાદે કહ્યું હતું કે શીલા દિક્ષિત અનુભવી નેતા છે. શીલા દિક્ષિત પર ભ્રષ્ટાચારના આક્ષેપો છે અને ઓગસ્ટ મહિનામાં ટેન્કર કૌભાંડમાં તેમની પૂછપરછ કરવામાં આવનાર છે. આઝાદે કહ્યું હતું કે ભાજપ શાસિત રાજ્યોમાં મુખ્યમંત્રીઓ પણ ઘણા આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. કોંગ્રેસના મામલામાં જ મીડિયાને ભ્રષ્ટાચાર કેમ દેખાય છે. શીલા દિક્ષિતે કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી ઉત્તરપ્રદેશમાં હાલ ચોથા નંબરની પાર્ટી છે. શીલા દિક્ષિત હાલમાં એન્ટી કરપ્શન બ્યુરોની તપાસ હેઠળ છે. છેલ્લા કેટલાક દિવસથી આને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો હતો. શીલા દિક્ષિત રાજકારણમાં ખૂબ જ જૂના છે. શીલા દિક્ષિત વર્ષ ૧૯૯૮ બાદથી દિલ્હીના મુખ્યમંત્રી તરીકે ત્રણ વખત ચૂંટાઈ ચુક્યા છે. વર્તમાન વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ બાદ દિલ્હીના મુખ્યમંત્રી બનનાર શીલા દિક્ષિત બીજા મહિલા મુખ્યમંત્રી પણ બન્યા હતા. શીલા દિક્ષિત અનેક જુદી જુદી જવાબદારીઓ અદા કરી ચુક્યા છે.

### ફુલો નિખરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે રોપાઓની વાવણી બાદ વરસાદ ખેંચાતા વનતંત્રમાં રોપાઓના સુકારાની દહેશતથી ચિંતા પ્રવર્તી હતી. જેથી અમુક ભાગમાં રોપાઓની વાવણી બાદ ટેન્કરથી પાણી પણ સપ્લાય કરવામાં આવ્યુ હતુ. જો કે ત્યારબાદ મેઘરાજાએ મહેર કરતા વનતંત્રમાં પણ હાંશકારો પ્રવર્તયો હતો. ચોમાસાના પ્રારંભે તંત્ર દ્વારા રોપાઓની વાવણીનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. તંત્ર દ્વારા શહેરમાં કુલ ૨૭૪૫૫ જેટલા રોપાઓની વાવણી કરી દેવામાં આવી છે. જેમાં નગરના મુખ્ય માર્ગો આસપાસ કલરકોડ પ્રમાણે વૃક્ષો ઉછેરવામાં આવશે. જેમાં ચ માર્ગ પર પીળા કલરકોડ પ્રમાણે ગરમાળો,કરેણ, તેમજ અર્જુન સહીતના રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે ઘ માર્ગ પર કેસરી કલરકોડ પ્રમાણે કોડીયા, ખાખરા,કેસુડા સહીતના રોપાઓની વાવણી કરવામાં આવી છે. રોડ નં ૫ પર પીળા તેમજ રોડ નં-૬ ને અનુલક્ષી ગુલાબી રંગના ફુલના રોપાઓ નિખરે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. શહેરના વિવિધ માર્ગો આસપાસ કલરકોડ પ્રમાણે રોપાઓનુ વાવેતર કરી દેવાયુ છે. આગામી ચોમાસાના અંતે શહેરના માર્ગો આસપાસ પીળો ,કેસરી તેમજ ગુલાબી રંગના ફુલો નિખરશે.

### પ્રતિબંધની ભલામણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સીટે ત્રણ લાખથી ઉપરની રોકડ લેવડ દેવડ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાની ભલામણ કરી છે. સાથે સાથે આવી લેવડ દેવડ જાહેર કરવા કાયદો ઘડી કાઢવાની પણ વાત કરવામાં આવી છે. જેમાં કાયદા હેઠળ ગેરકાયદે અને સજાપાત્ર જોગવાઈની વાત કરવામાં આવી છે. રોકડમાં જાળવી રાખવામાં આવતી બિનહિસાબી સંપત્તિને લઈને પણ કેટલાક સૂચન કરવામાં આવ્યા છે. સીટ દ્વારા રોકડ જાળવી રાખવાની રકમ અંગે ૧૫ લાખની અપર મર્યાદાનું સૂચન કર્યું છે.

કોઈપણ વ્યક્તિ અથવા તો ઈન્ડસ્ટ્રીને વધારે રોકડ રકમની જરૂર હોવાના કેસમાં આના માટે એરીયાના ઈન્કમટેક્સના કમિશનર પાસેથી પરવાનગી લેવાની જરૂર પડશે.

### અપહરણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાડીમાં જ તેમનાથી છુટવા પ્રયત્નો કરતી હોવાનું સ્પષ્ટ દેખાતુ હતુ. મહિલા અધિકારીએ ૧૮૧ અભયમમાં ૬.૧૮ વાગ્યે કોલ કરી સહાય માટે મદદ માંગી પરંતુ અભયમની ટીમ એક કલાક બાદ ૭.૧૩ વાગ્યે ઘટનાસ્થળે પહોંચી..! ત્યાં સુધીમાં તો તે શખ્સો યુવતીનું અપહરણ કરીને ક્યાંય ચાલ્યા ગયા હતા..!

ઘટના અંગે પોલીસને જાણ થતા એસપી વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી સે. ૭ પોલીસ અને એલસીબીની વિવિધ ટીમો યુવતી તથા કારમાં આવેલા શખ્સો સુધી પહોંચવા દોડતી થઈ ગઈ હતી. ઘટના પારીવારીક હતી કે યુવતીનું અપહરણ કરી કોઈ અજાણ્યા શખ્સો ઉપાડી ગયા છે ? તે મોડી રાત સુધી ખુલ્યુ ન હતુ કે તેમની ભાળ પણ મળી ન હતી..!

### ગ્રાન્ટનો પ્રથમ હપ્તો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘણી બધી જગ્યાએ વિકાસના કામો શરૂ પણ થયા નથી તે ઉલ્લેખનીય છે.

સરકારે ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી રૂ. પાંચ લાખ સુધીના વિકાસ કામો પંચાયતના સ્તરે જ વહીવટીય પ્રક્રિયા સંપન્ન કરી હાથ ધરવાની છૂટ આપતો મહત્વનો નિર્ણય બે દિવસ પહેલાં જ લીધો છે તે પણ ઉલ્લેખનીય છે. આમ હવે ગ્રામ્ય વિસ્તારોમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને પગલે વિકાસના કામોના સરળીકરણ પર સરકારે ભાર મુક્યો છે.

બીજી તરફ સેમી અર્બન વિલેજને પણ ગ્રાન્ટ ફાળવવાના અભિગમને લઈ ગ્રામ્ય વિસ્તારમાં પણ સરકાર વિકાસને અગ્રતા આપે છે તે વાત સ્પષ્ટ કરી હોવાનું મનાઈ રહ્યું છે.